આજે બ્રહ્માકુમારીઝ દ્વારા વિશ્વશાંતિ દિવસ તરીકે ઉજવાશે

ગાંધીનગર, તા.૧૭

પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિધ્યાલયના આધ્ય સ્થાપક પ્રજાપિતા બ્રહ્માએ ૧૮, જાન્યુઆરી, ૧૯૬૯ના રોજ નશ્વર દેહનો ત્યાગ કરેલ. પિતાશ્રીને સાચી શ્રધ્ધાંજલી અપર્ણ કરવા વિધ્યાલયના વિશ્વના ૧૪૭ દેશોમાં કાર્યરત ૨૦૦૦ કરતાં પણ વધારે સેવા કેન્દ્રો આજે વિશ્વશાંતિ દિવસ મનાવશે.

જે અંતર્ગત ગાંધીનગરમાં આવેલ સેક્ટર-૨૮, સેક્ટર-૨,સી, ચિલોડા અને ઉર્જાનગર ખાતે આવેલ સેવાકેંદ્રો ખાતે સવારે ૬.૦૦ થી રાત્રે ૮.૦૦ સુધી અખંડ યોગાભ્યાસ ભટ્ઠી રાખવામાં આવેલ છે. જેમાં સૌ બ્રહ્માકુમાર ભાઈ બહેનોખાસ મૌનમાં રહી સમગ્ર વિશ્વમાં શાંતિના પ્રકમ્પનો ફેલાવશે અને આપસી ભાઈચારાનું આહવાહન કરશે. સેક્ટ-૨૮ સેવાકેંદ્ર સંચાલિકા રાજયોગિનિ કેલાશદીદીજીએ પાટનગરની ધર્મપ્રેમી જનતાને આ દિવસે સવારે ૯ થી ૧૧ અને સાંજે ૫ થી ૭ દરમ્યાન ખાસ શાંતિનો અનુભવ કરવા સેવા કેન્દ્ર પર પધારવા ઈશ્વરીય નિમંત્રણ પાઠવેલ છે.

વાવોલમાં ડે. સરપંચ તરીકે ભાવનાબા વિક્રમસિંહ ગોલ ચુંટાયા

ગામમાં થયલા તોફાનો અનુસંધાને શાંતિ જાળવવા અપીલ

ગાંધીનગર, તા.૧૭

ગ્રામ પંચાયતની તાજેતરમાં થયા બાદ ડે. સરપંચની ચુંટણી થઈ હતી. જેમાં વાવોલ ગામમાં ડે. સરપંચ તરીકે વોર્ડ નં. ૪ના સભ્ય ભાવનાબા વિક્રમસિંહ ગોલ ચુંટાયા હતા. વાવોલ ગ્રામ પંચાયતના સભ્યો દ્વારા ડેપ્યુટી સરપંચની ચુંટણીમાં ભાવનાબા ગોલ બહુમતીથી ચુંટાતા ગ્રામજનો, સ્નેહીજનો તથા રાજપુત સમાજે અભિનંદન પાઠવ્યા હતા. નવનિયુકત ડે. સરપંચ ભાવનાબા ગોલે વાવોલ ગામમાં થયેલા તોફાનો અનુસંધાને શાંતિ જાળવવા અપીલ કરી છે.

ચુંટણી યોજાઈ હતી. સરપંચો જાહેર

ગૌ સંવર્ધન-ગૌ રક્ષણ ક્ષેત્રે ૧૪૬ કરોડના કરાર થયા

ગાંધીનગર, તા.૧૭

રાજયમાં રોજગારીની તકોવધે તે આશયથી રાજય સરકાર દ્વારા તાજેતરમાં વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમીટનું આયોજન કરાયું હતું. જે અંતર્ગત ગૌ સંવર્ધન અને ગૌ સરક્ષમ માટે ૨૪૬ કરોડના ચાર એમઓયુ થયા છે એમ ગૌસેવા અને ગૌચર વિકાસ બોર્ડની યાદીમાં જણાવાયું છે. વાયબ્રન્ટ સમીટ દરમ્યાન મેક ઈન ગુજરાત લાઈવસ્ટોક ઈન્સેપ્ટ-ઈન્વેસ્ટમેન્ટ ઓપોરચ્યુનીટીઝ અને ચેલેન્જીસ વિષયક સેમીનારમાં થયેલ એમઓયુ દ્વારા રાજયના ૧૬૫૦ વ્યક્તિઓને રોજગારીની તક પુરી પાડશે.

હાર્દિક પટેલને કેશુબાપા મળી ન શક્યા

મહિના પહેલા હાર્દિકે કેશુબાપાને કહ્યુ હતુ કે હું ગુજરાત આવીને તમારા આશિર્વાદ લેવા આવીશ : જો કે બાપા ખોડલધામ હોવાથી હાર્દિક આશિર્વાદ લઈ શક્યો નહી : હાર્દિકનું ચિલોડા સર્કલે પાટીદારોએ સ્વાગત કર્યું

ગાંધીનગર, તા. ૧૭

હાર્દિક પટેલે આજે રતનપુર બોર્ડર થઈને ગુજરાતમાં શાનદાર પ્રવેશ લીધો હતો. હજારો પાટીદારોએ તેનુ સ્વાગત બોર્ડર પર કર્યુ હતુ. હિંમતનગરની હુંકાર સભા સમાપ્ત કરી હાર્દિક પટેલ ગાંધીનગર ખાતે પુર્વ મુખ્યમંત્રી કેશુબાપાને મળવા તથા આશિર્વાદ લેવા આવવાનો હતો. જો કે કોમ્યુનીકેશન ગેપને કારણે હાર્દિક પટેલ કેશુબાપાને મળી શક્યો ન હતો. કેશુબાપા રાજકોટના કાગવડ ખાતે ખોડલધામ મંદિરમાં હોવાથી મળી ન શકતા હાર્દિક ગાંધીનગરમાં પ્રવેશ્યો ન હતો. જો કે હાર્દિક પટેલનું સાદરા

નજીક અને ચિલોડા સર્કલ નજીક પાટીદારોએ કાફલો ઉભો રખાવીને સ્વાગત કર્યુ હતું.

મળતી માહિતી મુજબ હાર્દિક પટેલે એકાદ મહિના પહેલા કેશુબાપાને કહ્યું હતું કે હું હવે ગુજરાતમાં આવીશ ત્યારે તમારા આશિર્વાદ લેવા આવીશ. ત્યાર બાદ ગઈકાલે હાર્દિક પટેલે કેશુબાપાનો સંપર્ક સાધ્યો હતો. તે વચ્ચે બન્ને વચ્ચે વાતચીત થઈ ન હતી. ગઈકાલે હાર્દિક કેશુબાપાનો સંપર્ક કર્યો પરંતુ કેશુબાપા ખોડલધામમાં હોવાથી મળી શકે તેમ ન હોવાથી હાર્દિક કેશુબાપાના આશિર્વાદ લઈ શક્યો ન હતો. પ્રાંતિજ હાઈવેથી ગાંધીનગર જિલ્લામાં પ્રવેશતા હાર્દિકના કાફલાને સાદરા અને ચિલોડા પાટીદારોએ ઉભો રાખી સ્વાગત કર્યુ હતુ. ત્યાંથી હાર્દિક સીધો અમદાવાદ જવા રવાના થયો હતો. નોંધનીય બાબત છે કે આમ આદમી પાર્ટી દ્વારા પાટીદારો તથા હાર્દિકના કાફલા માટે નાસ્તા-પાણીનો સ્ટોલ કર્યો હતો.

ગુજરાત શિક્ષણ બોર્ડના સભ્યોની ૨૦મીએ ચુંટણી : ૧૮ બેઠકો માટે ૬૧ ઉમેદવાર

આચાર્યની બેઠકમાં કાર્તિક પટેલને ગાંધીનગર,આણંદ,પાટણ, કચ્છ બનાસકાંઠા અને અમદાવાદ શહેરમાંથી મતદારોનો પ્રોત્સાહક પ્રતિસાદ

ગાંધીનગર તા ૧૭

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડના સભ્યોની ચુંટણી આગામી તા ૨૦ જાન્યુઆરીના રોજ યોજાશે. જયારે બાર્ડના સભ્યોની વિવિધ ૨૬ બેઠકો પૈકી ૮ બેઠકો બિનહરિફ થતા ખાલી રહેતી ૧૮ બેઠકો માટે ચુંટણીની પ્રકીયા હાથ ધરાશે. ૧૮ બેઠકોની ચુંટણી માટે કુલ ૬૧ ઉમેદવારો મેદાનમાં છે. જેમાં આચાર્યની બેઠકમાં અમદાવાદ શહેર આચાર્ય સંઘના ઉમેદવાર તરીકે કાર્તિક પટેલે પણ ઉમેદવારી નોંધાવી છે. તેમને ગાંધીનગર, પાટણ, કચ્છ, બનાસકાંઠા, આણંદ જિલ્લા સહીત અમદાવાદ શહેરમાંથી સારો પ્રતિસાદ મળી રહયો છે. ચુંટણીને અનુલક્ષી ગાંધીનગર શહેરમાં ત્રણ બુથ પર મતદાનની પ્રકીયા હાથ ધરાશે. સે-૧૨ અને સે-૧૬ માં મતદાન માટે ત્રણ બુથ કાર્યરત રહેશે.

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બાર્ડના સભ્યો માટે ૨૬ પૈકી ૮ બિનહરિફ સિવાયની ૧૮ બેઠકો માટે ચુંટણી પ્રકીયા હાથ ધરાશે. જેમાં આચાર્યની ૬ પૈકી ૨ બેઠકો બિનહરિફ થતા હવે ૪ બેઠકો માટે ચુંટણી યોજાશે. જયારે આ માટે ૧૧ ઉમેદવારો વચ્ચે રસપ્રદ ચુંટણી યોજાશે. અમદાવાદ આચાર્ય સંઘના કાર્તિક પટેલે પણ આ બેઠક માટે ઉમેદવારી નોંધાવી છે. જયારે તેમને ગાંધીનગર,આણંદ ,પાટણ સહીતના જિલ્લામાંથી સારો પ્રતિસાદ મળી રહયો છે. સંચાલક મંડળની ૪ બેઠકો, બિન શૈક્ષણિક કારકુનની ૨ બેઠક,માધ્યમિક શિક્ષકોની ૬ પૈકી ૨ બિનહરિફ થતા હવે ૪ બેઠક માટે ચુંટણી યોજાશે જયારે આ માટે ૧૨ ઉમેદવારો છે. ઉચ્ચતર માધ્યમિક શિક્ષકો માટે ૩ બેઠકો પૈકી ૨ બિનહરિફ થતા ૧ બેઠકો માટે ૨ ઉમેદવારો ચુંટણી લડશે. જયારે બી એડ આચાર્યમાં એક બેઠક બિનહરિફ થઈ છે. આ ઉપરાંત વાલીમંડળમાં ૩ સીટ પૈકી ૧ બિનહરિફ રહેતા ૨ બેઠકો માટે ચુંટણી યોજાશે. જયારે સરકારી શિક્ષકોની ૧ બેઠક માટે પાંચે ઉમેદવારી નોંધાવી છે. કુલ ૨૬ બેઠકો પૈકી ૮ બિનહરિફ થતા ૧૮ બેઠકો પર ૬૧ ઉમેદવારો ચુંટણી લડશે. આચાર્ય સંઘમાંથી કાર્તિક પટેલે ઉમેદવારી નોંધાવી છે. જેમાં ૮૨૦ મતદારોના મત નિર્ણાયક બનાશે. જો કે કાર્તિક પટેલને ગાંધીનગર ,પાટણ,બનાસકાંઠા, કચ્છ ,આણંદ જિલ્લા ઉપરાંત અને અમદાવાદ શહેરમાંથી પણ મતદારોનો યોગ્ય પ્રતિસાદ મળી રહયો છે. ગાંધીનગર જિલ્લામાંથી પણ ૪૩૪૧ મતદારો મતદાન કરશે.

હાર્દિકની વાપસીની સાથે સાથે...

ગાંધીનગર, તા.૧૭

- હાર્દિક પટેલની ૧૮૦ દિવસની ગુજરાત બહાર રહેવાની મહેતલ પૂર્ણ થતાં હાર્દિકની શાનદાર વાપસી
- હાર્દિક પટેલના સ્વાગત માટે રાજસ્થાન રતનપુર બોર્ડર ખાતે પણ મોટી સંખ્યામાં પાટીદારો ઉમટી પડ્યા
- શામળાજી ખાતે સેંકડો પોલીસ જવાનો તૈનાત કરવામાં આવ્યા
- પાટીદારો માટે લડત ચલાવવાની ફરીવાર ખાતરી આપી
- જીએમડીસી ગ્રાઉન્ડ ઉપર પોલીસ અત્યાચારની પણ યાદ અપાવી
- હિંમતનગર ખાતે હૂંકાર સભામાં પાટીદાર લીડર હાર્દિક પટેલે ગુજરાત સરકાર ઉપર પણ પ્રહારો કર્યા
- સભા સ્થળે મોટી સંખ્યામાં પાટીદાર કાર્યકરો પણ આયોજન માટે પહોંચ્યા
- આગીયોલ, કાંકણોલ સહિતની જગ્યાઓ ઉપર પાર્કિંગની વ્યવસ્થા કરવામાં આવી
- સભા સ્થળ પર ફુડપેકેટના સ્ટોલ, પાણીના સ્ટોલ અને મેડિકલ હેલ્થની વ્યવસ્થા કરવામાં આવી
- હૂંકાર સભામાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ તે માટે સાબરકાંઠા, ખેડા, મહેસાણા, ગાંધીનગર અને ભાવનગર સહિતના જિલ્લાની પોલીસને ગોઠવવામાં આવી
- ફાયર ફાઈટરની વ્યવસ્થા પણ કરવામાં આવી
- હાર્દિક પટેલ ઓગસ્ટ ૨૦૧૫માં એકાએક એ વખતે લોકપ્રિય થયો હતો જ્યારે જીએમડીસી ગ્રાઉન્ડ ખાતે પાટીદારોની વિરાટ સભા યોજાઈ હતી

સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી વિકાસ યોજના આદર્શ છે

અમદાવાદ, તા.૧૭

રાજયના શહેરો નગરોમાં આંતરમાળખાકીય સવલતોનો વ્યાપ વધે તે માટે રાજય સરકારે સ્વર્ણિમ જંયતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અમલી બનાવી છે. જે હેઠળ વર્ષ-૨૦૧૭ સુધીમાં ૨૨ હજાર કરોડના વિવિધ વિકાસ કામો હાથ ધરાશે, એમ નાયબ નિયામક, નગરપાલિકા કચેરીની યાદીમાં જણાવ્યું છે. યાદીમાં વધુમાં જણાવ્યાનુસાર શહેરોના સર્વાંગી વિકાસ માટે આ યોજના વર્ષ-૨૦૦૯થી અમલી બનાવાઈ છે. પ્રથમ તબક્કામાં વર્ષ-૨૦૦૯ થી ૨૦૧૪ દરમ્યાન ૭ હજાર કરોડના તથા વર્ષ ૨૦૧૨-૨૦૧૭ દરમિયાન બીજા તબક્કામાં ૧૫ હજાર કરોડ મળી કુલ ૨૨ હજાર કરોડની જોગવાઈ

ગામડાઓમાં માળખાગત સુવિધા માટે આદર્શ : યોજના હેઠળ ૨૦૧૭ સુધીમાં વિવિધ વિકાસ કામોથી રાજ્યના શહેરો-નગરોમાં ઝડપથી વિકાસ થશે

કરાઈ છે. જે હેઠળ પાણી પુરવઠા, ભૂગર્ભ ગટર સહિત આંતરમાળખાકીય વિકાસના કામો સહિત પાર્કસ, ગાર્ડન, સ્વીમીંગ પુલ, ટાઉનહોલ, હેરીટેઝ વિકાસ, તળાવ વિકાસ અને રીવરફ્રન્ટ ડેવલપમેન્ટ જેવા આગવી ઓળખના કામો તથા જનભાગીદારી દ્વારા ખાનગી સોસાયટીઓમાં વિવિધ જનસુવિધાના કામો તથા જનભાગીદારી દ્વારા ખાનગી સોસાયટીઓમાં વિવિધ જનસુવિધાના કામો તથા નગર સેવા સદનના નવા મકાનના બાંધકામ તથા મરામતનાના કામો હાથ ધરવામાં આવ્યા છે.

રાજયની મહાનગર પાલિકાઓમાં ૧૦,૬૨૮.૨૬ કરોડના ૯૪૩૭ કામોને વહીવટી મંજુરી આપવામાં આવી છે. તે પૈકી ૭૮૫૪ કામો પૂર્ણ થયા છે અને ૧૩૨૦ કામો પ્રગતિ હેઠળ છે. આ માટે મહાનગરપાલિકાઓ દ્વારા ૭૩૮૩.૦૬ કરોડનો ખર્ચ કરાયો છે. ભાવનગર અને જામનગર મહાનગરપાલિકાઓ માટે ૧૫૯.૬૮ કરોડના ભૂગર્ભ ગટરના કામો મંજુર કરાયા છે.

મહાનગરપાલિકાઓમાં આગવી ઓળખના ૧૪૬૪.૧૬ કરોડના ૪૦ કામો મંજુર કર્યા છે તે પૈકી ૧૨ કામો પૂર્ણ અને ૨૫ કામો પ્રગતિ હેઠળ છે. જેપૈકી ૭૨૨ કરોડનો ખર્ચ કરાયો છે. આ કામોમાં મુખ્યત્વે મલ્ટીસ્ટોરીડ હોસ્પિટલ, ગર્લ્સ હોસ્ટેલ, ઓડીટોરીયમ, આઉટડોર સ્ટેડિયમ, લેક અને ગાર્ડન ડેવલપમેન્ટ, સ્વીમીંગ પુલ, રિવરફ્રન્ટ, કન્વેન્શન સેન્ટર, મ્યુઝિકલ ફાઉન્ટેન, લેસર શો, હેરિટેજના કામો હાથ ધરાયા છે.

ગિફ્ટ સિટી ખાતે ઈન્ટરનેશનલ સ્ટોક એક્સચેંજની કામગીરી આરંભાઈ

ગુગલ, ફેસબુક, માઈક્રોસોફ્ટ અને એપલ સ્ટોક ફ્યુચર ટ્રેડિંગ માટે ઉપલબ્ધ છે : કારોબારીઓમાં ભારે ઉત્સુકતા

ગાંધીનગર, તા. ૧૭

પાટનગર ગાંધીનગરમાં સ્થિત ગિફ્ટ સિટી ખાતે બીએસઈના ઈન્ટરનેશનલ એક્સચેંજ ખાતે કારોબારની શરૂઆત થઈ ચુકી છે. સોમવારના દિવસે કારોબારની શરૂઆત કરવામાં આવી હતી. ગુજરાત ઈન્ટરનેશનલ ફાયનાન્સ ટેક સિટી (ગિફ્ટ) ખાતે કારોબાર શરૂ થયા બાદ કારોબારી ખુશ દેખાયા હતા. ઈન્ટરનેશનલ એક્સચેંજ ગુજરાત ઈન્ટરનેશનલ ફાઈનાન્સ ટેક્સ સિટી (ગિફ્ટ સિટી)માં સ્થિત છે. પ્રથમ દિવસે બીએસઈ સેંસેક્સ, બીએસઈ સેંસેક્સ ૫૦ ઈન્ડેક્સ, ૫૦ ઈન્ડેક્સ ફ્યુચર અને અન્ય કારોબારમાં સોદા પડ્યા હતા. ૦.૪૬ મિલિયન ડોલરનો કારોબાર થયો હતો. પ્રથમ તબક્કામાં બીએસઈમાં ઈક્વિટી, કરન્સી અને કોમોડિટી ડેરીવેટિવ્સમાં કારોબારની ઓફર કરવામાં આવી છે. ગુગલ, ફેસબુક, માઈક્રોસોફ્ટ અને એપલના સ્ટોક ફ્યુચર પણ પ્રથમ દિવસે કારોબારમાં ભાગ લેવામાં આવ્યો હતો. સેંસેક્સ અને સેંસેક્સ ૫૦ ફ્યુચરમાં કારોબાર થયો હતો. ઓપ્શનમાં પણ કારોબાર થયો હતો. ૦.૪૬ મિલિયન ડોલરનો કારોબાર થયો હતો. બાલાસુબ્રમણ્યમે આ મુજબની માહિતી આપી છે. ઈન્ડિયા ઈન્ટરનેશનલ એક્સચેંજ મુંબઈ સ્ટોક એક્સચેંજની એક શાખા તરીકે છે. ઈન્ટરનેશનલ ઓછામાં ઓછા છ બ્રોકરો દ્વારા ફાઈનાન્સિયલ સર્વિસ સેન્ટર ગિફ્ટ સિટીમાં આની રચના કરવામાં આવી છે. ૯મી જાન્યુઆરીના દિવસે વડાપ્રધાને આની શરૂઆત કર્યા બાદથી જ આની ભારે ઉત્સુકતા જોવા મળી રહી છે. જાણકાર લોકોનું કહેવું છે કે, આગામી દિવસોમાં અહીં કારોબાર વધુ ઝડપથી વધી શકે છે. ઈન્ટરનેશનલ બ્રોકરો, નોન રેસીડેન્ટ ઈન્ડિયનો (એનઆરઆર), વિદેશી નિવાસીઓ અને મૂડીરોકાણકારો સાથે સાથે ભારતીય ફાઈનાન્સિયલ સંસ્થાઓ દ્વારા આરબીઆઈને વિદેશી કારોબારમાં ભાગ લેવા માટે પરવાનગી આપવા માટે કહેવામાં આવ્યું છે.



એક્સચેંજ મારફતે કારોબાર

કરવાની મંજુરી આપી દેવામાં આવી છે. ઈન્ડિયા ઈન્ટરનેશનલ એક્સચેંજ ૨૨ કલાક સુધી કારોબાર માટે ચાલુ રહેશે. ચાર વાગે સવારે એક્સચેંજમાં બે વાગે રાત્રે બંધ થશે. તે વખતે અમેરિકામાં બિઝનેસ કારોબાર બંધ થાય છે. અત્રે નોંધનીય છે કે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ નવમી જાન્યુઆરીના દિવસે ઈન્ડિયા ઈન્ટરનેશનલ એક્ષચેન્જનું ઉદ્ઘાટન કર્યુ હતુ. ગિફ્ટ સિટી દેશનું પ્રથમ ઈન્ટરનેશનલ ફાઈનાન્સ સર્વિસ સેન્ટર આઈએફએસસી બન્યું છે. જેમાં ઓફશોર બેંકિંગ ઈન્સ્યોરન્સ, ઓફશોર એસેટ મેનેજમેન્ટ, કેપિટલ માર્કેટ સાથે સંકળાયેલી સેવાઓ શરૂ કરાઈ રહી છે. પ્રથમ ઈન્ટનેશનલ એક્ષચેન્જનું ઉદ્ઘાટન કરવામાં આવ્યા બાદ વેપારી ગતિવિધિઓમાં નોંધપાત્ર વધારો થયો છે. એક્સચેંજ મારફતે કારોબાર કરવાની તમામને તક મળી રહેશે.

ગિફ્ટ સિટીમાં કારોબાર

ગાંધીનગર, તા.૧૭

- ગિફ્ટ સિટીમાં ઈન્ડિયા ઈન્ટરનેશનલ એક્સચેંજમાં કારોબારની શરૂઆત થઈ
- સોમવારના દિવસે બીએસઈ સેંસેક્સ, બીએસઈ સેંસેક્સ ૫૦ ઈન્ડેક્સ ફ્યુચર, ટ્રેડમાં કારોબાર થયો
- ૦.૪૬ મિલિયન ડોલરનો કારોબાર નોંધાયો
- પ્રથમ તબક્કામાં બીએસઈ દ્વારા ઈક્વિટી, કરન્સી અને કોમોડિટી ડેરિવેટિવ્ઝમાં કારોબારની ઓફર
- સ્ટોક ફ્યુચરને લઈને પણ ચર્ચાઓ
- ઈન્ટરનેશનલ એક્સચેંજમાં કારોબાર માટે ગુગલ, ફેસબુક, માઈક્રોસોફ્ટ અને એપલમાં સ્ટોક ફ્યુચર ઉપલબ્ધ
- ઈન્ડિયા ઈન્ટરનેશનલ એક્સચેંજ ૨૨ કલાક સુધી દરરોજ ચાલશે
- શરૂઆત સવારે ૪ વાગે જાપાનના બજાર ખુલવાની સાથે થશે અને બંધ અમેરિકી કારોબાર બંધ થવાની સાથે રાત્રે બે વાગે થશે